| GJRJ180000102015 | RECEIVED ON | 13-01-2015 |
|---|---|---|
| | REGISTERED ON | 13-01-2015 |
| | DECIDED ON | 05-08-2023 |
| | DURATION | DYS. MTHS. YRS |
| | | 22 06 08 |

**રાજકોટ જિલ્લાની ત્રીજી મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ, મુકામ–રાજકોટ**

**રેફરન્સ(એલ.સી.આર)નં.૦૯/૨૦૧૫**

**આંક–૨૭**

**પ્રથમ પક્ષકારઃ**–(૧) **આર.એફ.ઓ.શ્રી**,
આર.એફ.ઓની કચેરી,
બાયપાસ રોડ, ભાદર કાંઠે, મુ.જસદણ.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકારઃ**–(૧) **પારૂબેન રમેશભાઈ મકવાણા**
રહે. લોહીયાનગર, નદીના સામાં કાંઠે,
જસદણ.
C/O : શ્રી વી.ડી.મહેતા(એડવોકેટ)
૨૧૫, અમરદીપ કોમ્પ્લેક્ષ, ૨–રજપુતપરા,
રાજકોટ.

**હાજર રહયા :**– પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી એ.એસ.ગોગીયા
બીજા પક્ષકાર તરફે વિ.વ. શ્રી વી.ડી.મહેતા

**–:: <u>એવોર્ડ</u> ::–**

**(૧)** સદર રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, રાજકોટના હુકમ ક્રમાંક નંઃ કે.એચ./એસ./એચ.એમ.સી./આર.એ.જે./૧૪૨/૧૪, તા.૦૫/૦૧/૨૦૧૫ થી આ કામના બીજા પક્ષકાર શ્રી પારૂબેન રમેશભાઈ મકવાણાને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ તા.૦૨/૧૨/૨૦૧૪ થી નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ? તે મુદાના ન્યાય નિર્ણય અર્થે કોર્ટને મોકલવામાં આવેલ છે.

**(૨)** બીજા પક્ષકારે આંક–૬ થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકારના અંડરમાં મજુર તરીકે તા.૧/૧૦/૧૯૯૪ થી ફરજો બજાવતા હતા. તેઓને રોડ ઉપર ઝાડ વાવવા, ખાડા ખોદવા, ઝાડનો ઉછેર કરવો, જે રોપા તૈયાર થયેલા હોય તેને ખાડા

ખોદીને રોપવાની કામગીરી કરવાની રહેતી હતી. તેઓ ખંત અને વફાદારીપુર્વક નોકરી કરતા હતા અને છેલ્લે જસદણ મુકામે નર્સરી ઉપર માસિક રૂ.૫૦૩૭/– ના પગારથી ફરજ બજાવતા હતા. તેમની નોકરીનો સમય સવારના ૦૮:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૦૨:૦૦ થી ૦૬:૦૦ નો હતો. તેઓને પ્રથમ પક્ષકાર હાજરી કાર્ડ કે પગાર ચિઠ્ઠી આપતા ન હતા તેમજ બોનસ પણ આપતા ન હતા. તેઓની સળંગ નોકરી ન થાય તે હેતુથી તેમને આર્ટીફીશયલ બ્રેક આપવામાં આવતા હતો. તેમની પાસેથી કામ લેતા હોવા છતાં અન્યના ખોટા નામો લખીને નોંધ કરવામાં આવતી હતી. આ બાબતનો જો વિરોધ કરે તો તેમને નોકરીમાંથી છુટા કરી દેવાની ધમકી આપતા હતા. તેઓને તા.૦૨/૧૨/૨૦૧૪ ના રોજથી નોકરીમાંથી કોઈપણ જાતના વ્યાજબી કારણ સિવાય નોટીસ કે નોટીસ પગાર તેમજ બેકારી ભથ્થુ ચુકવ્યા સિવાય છુટા કરી દીધેલા છે. છુટા કરતા અગાઉ કોઈ સીનીયોરીટી લીસ્ટ બનાવેલ નથી કે પ્રસિધ્ધ કરેલ નથી. તેઓને નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ દોલતભાઈ પરમાર કમીટીના તા.૧૭/૧૦/૧૯૮૮ ના પરિપત્રના લાભ આપવા ન પડે તે હેતુ થી છુટા કરેલા છે જયારે તેમના પછી દાખલ થયેલાને આ લાભ આપેલા અને તેમ કરી તેમની સાથે ભેદભાવભર્યુ વર્તન કરેલ છે. તેઓને છુટા કર્યા ત્યારે તેમનાથી પાછળ દાખલ થયેલા કામદારો કામ પર ચાલુ હતા અને તેઓને છુટા કર્યા પછી બીજાને તેમની જગ્યાએ નોકરીમાં રાખેલા છે. તેઓને વારંવાર કામ પર લેવા વિનંતી કરવા છતાં પ્રથમ પક્ષકારે ખોટા વિશ્વાસ અને વચનો આપી કામ પર બોલાવેલા નહી. જેથી પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરીને લેવામાં આવેલુ હોઈ તે રદ કરી નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ.

(૩) પ્રથમ પક્ષકારે આંક–૧૨ થી લેખિત જવાબ રજુ કરી બીજા પક્ષકારના માંગણાના નિવેદનની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે, બીજા પક્ષકાર સામાજીક વનીકરણ રેન્જ જસદણ હસ્તકની જસદણ નર્સરી ઉપર છુટક રોજમદાર મજુરી તરીકે કામે આવતા હતા. વનવિભાગની કામગીરી તદન હંગામી મુકરર સમયની અને મોસમી પ્રકારની હોવાનું સરકારશ્રીએ વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક વનમ–૩૦૯૯–૨૭૬૬– ડ ૧ તા.૨૨/૧૨/૧૯૯૯ થી જાહેર કરેલુ છે. બીજા પક્ષકાર તેમની જરૂરિયાત મુજબ માત્ર હંગામી ધોરણે છુટક છુટક રીતે કામ પર આવતા હતા, તેઓ તા.૨૧/૧૨/૧૯૯૪ થી જસદણ નર્સરીમાં ઉછેરની કામગીરી પર દૈનિક મજુર તરીકે કામ પર આવતા હતા. બીજા પક્ષકારે સને.૧૯૯૪ – ૯૫ થી ૨૦૧૫–૧૬ સુધીમાં કરેલ કામની વિગતો, તેમને ચુકવેલ દૈનિક વેતન તથા કેશબુકના વાઉચરની વિગતો દર્શાવતુ પત્રક આ સાથે રજુ કરેલ છે જેના અભ્યાસથી બીજા પક્ષકાર તદન છુટક છુટક રીતે પોતાની જરૂરિયાત મુજબ રોજમદાર મજુર તરીકે કામ પર આવતા હતા તેવું સ્પષ્ટ થાય છે. માસિક વેતન ચુકવતા હોવાની હકીકત ખરી નથી. બીજા પક્ષકારને જેટલા દિવસ કામ કરે તેટલા દિવસ માટે નિયત થયેલ લઘુતમ વેતન દર મુજબ વેતન ચુકવવામાં આવતુ હતુ. બીજા પક્ષકારે માત્ર સને.૨૦૧૦–૧૧ ના વર્ષમાં જ ૨૪૦ દિવસ કે તેથી વધુ કામ કરેલ છે તે સિવાય કોઈપણ વર્ષમાં ૨૪૦ દિવસ કે તેથી વધુ દિવસો માટે કયારેય કામ કરેલ નથી. આર્ટીફીશયલ બ્રેક આપવાની હકીકત ખરી નથી. બીજા પક્ષકારે કયારેય તેમને કરેલ કામના પ્રમાણમાં ઓછું વેતન મળ્યાની લેખિત કે મૌખિક ફરિયાદ કરેલી નથી. બીજા પક્ષકારે કેશબુકમાં દર્શાવ્યા મુજબના દિવસો જેટલુ જ કામ કરેલુ છે અને તે મુજબ તેમને વેતન ચુકવાયેલ છે. પ્રથમ

પક્ષકારે કોઈ અનફેર લેબર પ્રેકટીસ કરેલ નથી. બીજા પક્ષકારને કયારેય પ્રથમ પક્ષકારે છુટા કરેલા નથી. બીજા પક્ષકાર તેમની અનુકુળતા મુજબ જાતે જ કામ છોડીને જતા રહેતા હતા અને ફરી પોતાની જરૂરિયાત મુજબ કામ પર આવી જતા હતા જેથી તેઓને નોટીસ કે નોટીસ પગાર તેમજ બેકારી ભથ્થુ ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચે એલ.પી.એ. નં.૪૪૪/૨૦૦૩ (ઈન સ્પે. સી.એ. ***નં.૩૫૮૯/૨૦૦૨)*** માં સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ રમેશ મોપાભાઈ રાઠોડના કેસમાં તા.૦૬/૦૮/૨૦૦૩ ના રોજ આપેલ ચુકાદામાં જયારે છટણી ન હોય અને વ્યકિત જાતે કામ છોડી ચાલી ગયેલા હોય ત્યારે આઈ.ડી. એકટની કલમ ૨૫–એફની કાયદાકીય જોગવાઈના ભંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેથી કલમ–૨૫(જી) તથા ૨૫(એચ)ના ભંગનો પ્રશ્ન રહે નહી તેમ ઠરાવેલુ છે. જેથી આ કેસમાં પણ બીજા પક્ષકારને તેઓએ છુટા કરેલા ન હોઈ, કલમ–૨૫ (એફ)(જી)(એચ.)નું પાલન પ્રથમ પક્ષકારે કરવાનું રહેતુ નથી. નામદાર સુપ્રિમ કોર્ટે એસ.એલ.પી. (સી) નં.૧૩૬૧૯–૨૦/૨૦૧૨ માં તા.૦૯/૦૭/૨૦૧૩ ના રોજ આપેલ ચુકાદા મુજબ માર્ગ અને મકાન વિભાગના તારીખ : ૧૭/૧૦/૧૯૮૮ ના લાભો આપવા માટે ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક વનમ–૩૦૨૦૧૩–૨૧૩૮–ડ ૨ તા.૧૫/૦૯/૧૪ થી શરતોને આધીન ઠરાવવામાં આવેલુ હતુ. આ ઠરાવની શરતો મુજબ જે રોજમદારોને લાભ મળવાપાત્ર થતા હતા તેઓને લાભો આપી દેવામાં આવેલા છે. આ ઠરાવ મુજબ તા.૨૯/૧૦/૧૦ ના રોજ કે તે પછી ઔદ્યોગિક વિવાદધારાની કલમ–૨૫(બી) ની જોગવાઈ મુજબ પાંચ વર્ષથી વધારે વર્ષમાં દરેક વર્ષમાં ૨૪૦ કે તેથી વધુ દિવસની કામગીરી કરેલ હોઈ તેવા રોજમદારોને આ ઠરાવનો લાભ મળવાપાત્ર થાય છે. આ કેસના બીજા પક્ષકારે એક વર્ષમાં જ ૨૪૦ દિવસ કે તેથી વધુ કામ કરેલુ હોઈ, તેઓને આ ઠરાવનો લાભ આપી શકાય તેમ નથી. બીજા પક્ષકારને છુટા કરેલા ન હોવાથી સીનીયોરીટી લીસ્ટ મુજબ છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. બીજા પક્ષકાર કરતા નોકરીમાં પાછળથી દાખલ થયેલા હોય તેવા કોઈ જુનીયર રોજમદારને નોકરીમાં ચાલુ રાખેલ નથી. બીજા પક્ષકાર હાલમાં સ્વૈચ્છિક રીતે તા.૦૧/૦૩/૨૦૧૬ થી જસદણ નર્સરીમાં પીસ રેટ ઉપર મજુરી કામે આવે છે. તા.૧૫/૦૯/૨૦૧૪ ના ઠરાવથી રોજમદારોની ભરતી ઉપર સંપુર્ણપણે પ્રતિબંધ મુકવામાં આવેલો છે અને નવા રોજમદારોની ભરતી કોઈ અધિકારી કરે તો તે અંગેની જવાબદારી આવા અધિકારીની રહેશે તેમજ રોજમદારને ચુકવેલ વેતનની વસુલાત આવા અધિકારીના પગારમાંથી કરવામાં આવશે તેમ ઠરાવવામાં આવેલુ છે. નામદાર સુપ્રિમ કોર્ટે મજુર કેસોમાં જજમેન્ટ આપતી વખતે પોતાનો ટ્રેન્ડ બદલી ઘણા કેસોમાં ઠરાવેલુ છે કે દૈનિક રોજમદારને પુનઃસ્થાપિત કરવા ન જોઈએ. બીજા પક્ષકારે તા.૧૫/૦૯/૨૦૧૪ ના ઠરાવનો લાભ પાછલા બારણેથી લેવા માટે અનફેર લેબર પ્રેકટીસનો વિવાદ ઉપસ્થિત કરેલો છે જે રદ કરવો જોઈએ.

**(૪)** આ કામે બીજા પક્ષકારે આંક–૧૪ થી તા.૧/૧૦/૧૯૯૪ થી તા.૦૨/૧૨/૧૪ સુધીના તમામ હાજરી પત્રક, પગારપત્રક/વાઉચર અને તા.૦૨/૧૨/૨૦૧૪ ના રોજ છુટા કર્યા ત્યારનું અથવા તો વર્ષ–૨૦૧૪ નું સીનીયોરીટી લીસ્ટ અને તેમની જેમ રોજમદાર તરીકે કે કાયમી કર્મચારી તરીકે દાખલ થયેલા હોઈ અને કાયમી કરવામાં આવેલા હોઈ તેવા તમામ કામદારોના નામ તથા નોકરીમાં જોડાયા તારીખની વિગતો પ્રથમ પક્ષકાર રજુ કરે તે માટે દાદ માગતી અરજી આપેલી જે અન્વયે તા. ૨૪/૦૯/૨૦૧૯ ના રોજ હુકમ કરી છેલ્લા ત્રણ વર્ષ એટલે કે વર્ષ –

૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ ના વર્ષના હાજરીપત્રક, પગારપત્રક રજુ કરવા તેમજ વર્ષ–૨૦૧૪ નું સીનીયોરીટી લીસ્ટ રજુ કરવાનો હુકમ પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ કરવામાં આવેલો છે.

**(૫)** બીજા પક્ષકારે આંક–૧૫ ના લીસ્ટથી નિ.૧૫/૧ અને ૧૫/૨ ના અનુક્રમે આંક–૨૧,૨૨ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

| **અનુ. નં.** | **વિગત** | **તારીખ** | **આંક/માર્ક** |
|---|---|---|---|
| ૧ | સામાવાળાએ અરજદારને તેમના હાજરીના દિવસો તથા કેસ સંબધેની અન્ય માહિતી આપતા પત્રકની નકલ | ––––– | ૨૧ |
| ૨ | ગુજરાત સરકાર વન અને પર્યાવરણ વિભાગનો ઠરાવની નકલ | ૦૬/૦૪/૧૬ | ૨૨ |

**(૬)** બીજા પક્ષકારે આંક–૧૬ થી એફીડેવીટ ઉપર જુબાની આપેલી છે તેઓની પ્રથમ પક્ષકાર તરફે ઉલટ થયા બાદ આંક–૧૯ ની પુરસીસથી પોતાના પુરાવા બંધ જાહેર કરેલા છે.

**(૭)** પ્રથમ પક્ષકારે આંક–૧૩ તથા આંક–૧૮ ના લીસ્ટથી નિ.૧૮/૧ અને ૧૮/૨ તથા આંક–૨૩ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજ રજુ કરેલા છે.

| **અનુ.નં** | **વિગત** | આંક/**માર્ક** |
|---|---|---|
| ૧ | સરકારશ્રીએ વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક વનમ–૩૦૯૯–૨૭૬૬– ડ ૧ તા.૨૨/૧ ૨/૧૯૯૯ ના ઠરાવની નકલ | નિ.૧૩/૧ |
| ૨ | ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક વનમ–૩૦૨૦૧ ૩–૨૧૩૮–ડ ૨ તા.૧૫/૦૯/૧૪ ના ઠરાવની નકલ | નિ.૧૩/૨ |
| ૩ | અરજદારની વર્ષવાર હાજરીની વિગત દર્શાવતા પત્રકની નકલ | નિ.૧૩/૩ |
| ૪ | અરજદારના વર્ષ–૨૦૧૨,૨૦૧૩,૨૦૧૪ ના હાજરીપત્રકો / કેસબુકના વાઉચરની નકલ પાના નં.૧ થી ૪૬ ની નકલ | ૧૮/૧ |
| ૫ | વર્ષ–૨૦૧૪ નું સીનીયોરિટી લિસ્ટની નકલ | ૧૮/૨ |
| ૬ | ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગનો ૧૫૧ ૫/૦૯/૨૦૧૩ નો ઠરાવ | નિ.૨૩/૧ |

**(૮)** પ્રથમ પક્ષકાર તર્ફે આર.એફ.ઓ.શ્રી વીછીયાએ આંક–૨૦ થી એફીડેવીટ ઉપર જુબાની આપેલી છે જેઓની ઉલટ થયા બાદ આંક–૨૪ ની પુરસીસથી પ્રથમ પક્ષકારે તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

**(૯)** બીજા પક્ષકાર તર્ફે આંક–૨૫ થી લેખિત દલીલો રજુ કરી દલીલોના સમર્થનમાં આંક–૨૬ ના લીસ્ટથી નીચે મુજબના ચુકાદાઓ રજુ કરવામાં આવેલા છે.

**(૧)** ૨૦૦૮(૩) એલ.એલ.જે. ૧૦૮૪(ગુજરાત)(એન.ઓ.સી.–૫૭) પર પ્રસિધ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટએ પ્રિન્સીપાલ, એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કુલ અને બીજા વિ. લીલાબેન સોમાભાઈ ગડાસાના કેસમાં આપેલ ચુકાદાની શોર્ટનોટ

**(૨)** ૨૦૦૮(૩) એલ.એલ.જે. ૧૦૮૫(દિલ્હી)(એન.ઓ.સી.–૫૮) પર પ્રસિધ્ધ થયેલ નામદાર દિલ્હી હાઈકોર્ટએ અશોકકુમાર વિ. એમ.સી.ડી. ના કેસમાં આપેલ ચુકાદાની શોર્ટનોટ

**(૩)** ૨૦૦૦(૧) એલ.એલ.જે. પાન નં.૧૩૮૮ પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટે નાર સીંઘ પાલ વિ. યુનીયન ઓફ ઈન્ડિયા અને બીજા ના કેસમાં આપેલ ચુકાદો.

**(૪)** ૨૦૧૦(૨) એલ.એલ.જે. ૩૩૪(એસ.સી) પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટે સ્ટેટ ઓફ યુપી અને બીજા વિ. સરોજકુમાર સિન્હાના કેસમાં આપેલ ચુકાદો

**(૫)** ૨૦૦૦(૧) એલ.એલ.જે. પાન નં.૯૯૦ પર પ્રસિધ્ધ થયેલ નામદાર અલ્હાબાદ હાઈકોર્ટે સુભાષચંદ્ર શર્મા વિ. મેનેજીંગ ડાયરેકટર અને બીજાના કેસમાં આપેલ ચુકાદો

**(૬)** ૨૦૧૦(૨) એલ.એલ.જે. ૧(એસ.સી) પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટે અનુપ શર્મા વિ. એકઝીકયુટીવ એન્જીનીયર, પબ્લીક હેલ્થ ડીવીઝન નં.૧, પાણીપત (હરીયાણા) ના કેસમાં આપેલ ચુકાદો

**(૭)** ૨૦૦૯(૧) એલ.એલ.જે. ૬૦૨(એસ.સી) પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટે ડીવીઝનલ મેનેજર, ન્યુ ઈન્ડિયા એસ્યોરન્સ કંપની લી. વિ. એ. શંકરલીંગમના કેસમાં આપેલ ચુકાદો

**(૮)** ૨૦૦૧(૨) એલ.એલ.જે. ૪૫(દિલ્હી) પર પ્રસિધ્ધ થયેલ નામદાર દિલ્હી હાઈકોર્ટે કોલ ઈન્ડિયા લી. વિ. પી.ઓ.(લેબરકોર્ટ–૩) અને બીજા ના કેસમાં આપેલ ચુકાદો

**(૯)** ૨૦૦૮(૨) એલ.એલ.જે. ૩૯૬(ગુજરાત) પર પ્રસિધ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટએ એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ કમીટી વિ. ભંડેરી ધીરૂભાઈ નરશીભાઈના કેસમાં આપેલ ચુકાદો

**(૧૦)** દલીલો ધ્યાને લીધી, રેકર્ડ તથા રજુ થયેલ ચુકાદાઓ વંચાણે લીધા. મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઃ–**

**(૧)** શું બીજા પક્ષકાર સાબીત કરે છે કે તેઓની પ્રથમ પક્ષકારે છટણી કરેલી છે?

**(૨)** શું પ્રથમ પક્ષકાર સાબિત કરે છે કે બીજા પક્ષકાર જાતે આવતા બંધ થયેલા છે?

**(૩)** શું બીજા પક્ષકાર સાબિત કરે છે કે કાયદાની કલમ ૨૫(જી)નો ભંગ પ્રથમ પક્ષકારે કરેલો છે?

**(૪)** શું બીજા પક્ષકાર સાબીત કરે છે કે કાયદાની કલમ–૨૫(એચ)નો ભંગ પ્રથમ પક્ષકારે કરેલો છે?

**(૫)** શું બીજા પક્ષકારને તેમની નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર અને લાભો સહિત સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ?

**(૬)** શું હુકમ?

**(૧૧)** ઉપરોકત મુદાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**(૧)** હકારમાં
**(૨)** નકારમાં
**(૩)** હકારમાં
**(૪)** નકારમાં
**(૫)** આખરી હુકમ મુજબ
**(૬)** આખરી હુકમ મુજબ.

**(૧૨)** મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે બીજા પક્ષકારની રજુઆત એવી છે કે, તેઓ પ્રથમ પક્ષકારના અંડરમાં મજુર તરીકે તા.૧/૧૦/૧૯૯૪ થી ફરજો બજાવતા હતા. તેઓને રોડ ઉપર ઝાડ વાવવા, ખાડા ખોદવા, ઝાડનો ઉછેર કરવો, જે રોપા તૈયાર થયેલા હોય તેને ખાડા ખોદીને રોપવાની કામગીરી કરવાની રહેતી હતી. તેઓ ખંત અને વફાદારીપુર્વક નોકરી કરતા હતા અને છેલ્લે જસદણ મુકામે નર્સરી ઉપર માસિક રૂ.૫૦૩૭/– ના પગારથી ફરજ બજાવતા હતા. તેમની નોકરીનો સમય સવારના ૦૮:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૦૨:૦૦ થી ૦૬:૦૦ નો હતો. તેઓને પ્રથમ પક્ષકાર હાજરી કાર્ડ કે પગાર ચિઠ્ઠી આપતા ન હતા તેમજ બોનસ પણ આપતા ન હતા. તેઓની સળંગ નોકરી ન થાય તે હેતુથી તેમને આર્ટીફીશયલ બ્રેક આપવામાં આવતા હતો. તેમની પાસેથી કામ લેતા હોવા છતાં અન્યના ખોટા નામો લખીને નોંધ કરવામાં આવતી હતી. આ બાબતનો જો વિરોધ કરે તો તેમને નોકરીમાંથી છુટા કરી દેવાની ધમકી આપતા હતા. તેઓને તારીખ : ૦૨/૧૨/૨૦૧૪ ના રોજથી નોકરીમાંથી કોઈપણ જાતના વ્યાજબી કારણ સિવાય નોટીસ કે નોટીસ પગાર તેમજ બેકારી ભથ્થુ ચુકવ્યા સિવાય છુટા કરી દીધેલા છે. છુટા કરતા અગાઉ કોઈ સીનીયોરીટી લીસ્ટ બનાવેલ નથી કે પ્રસિધ્ધ કરેલ નથી. તેઓને નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ દોલતભાઈ પરમાર કમીટીના તા.૧૭/૧૦/૧૯૮૮ ના પરિપત્રના લાભ આપવા ન પડે તે હેતુ થી છુટા કરેલા છે જયારે તેમના પછી દાખલ થયેલાને આ લાભ આપેલા અને તેમ કરી તેમની સાથે ભેદભાવભર્યુ વર્તન કરેલ છે. તેઓને છુટા કર્યા ત્યારે તેમનાથી પાછળ દાખલ થયેલા કામદારો કામ પર ચાલુ હતા અને તેઓને છુટા કર્યા પછી બીજાને તેમની જગ્યાએ નોકરીમાં રાખેલા છે. તેઓને વારંવાર કામ પર લેવા વિનંતી કરવા છતાં પ્રથમ પક્ષકારે ખોટા વિશ્વાસ અને વચનો આપી કામ પર બોલાવેલા નહી. જેથી પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરીને લેવામાં આવેલુ હોય તે રદ કરી નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ.

પ્રથમ પક્ષકારનો બચાવ એવો છે કે, બીજા પક્ષકાર સામાજીક વનીકરણ રેન્જ જસદણ હસ્તકની જસદણ નર્સરી ઉપર છુટક રોજમદાર મજુરી તરીકે કામે આવતા હતા. વનવિભાગની કામગીરી તદન હંગામી મુકરર સમયની અને મોસમી પ્રકારની હોવાનું સરકારશ્રીએ વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક વનમ–૩૦૯૯–૨૭૬૬– ડ ૧ તા.૨૨/૧૨/૧૯૯૯ થી જાહેર કરેલુ છે. બીજા પક્ષકાર તેમની જરૂરિયાત મુજબ માત્ર હંગામી ધોરણે છુટક છુટક રીતે કામ પર આવતા હતા તેઓ તા.૨૧/૧૨/૧૯૯૪ થી જસદણ નર્સરીમાં ઉછેરની કામગીરી પર દૈનિક મજુર તરીકે કામ પર આવતા હતા. બીજા પક્ષકારે સને.૧૯૯૪–૯૫ થી ૨૦૧૫–૧૬ સુધીમાં કરેલ કામની વિગતો, તેમને ચુકવેલ દૈનિક વેતન તથા કેશબુકના વાઉચરની વિગતો દર્શાવતુ પત્રક આ સાથે રજુ કરેલ છે જેના અભ્યાસથી બીજા પક્ષકાર તદન છુટક છુટક રીતે પોતાની જરૂરિયાત મુજબ રોજમદાર મજુર તરીકે કામ પર આવતા હતા તેવું સ્પષ્ટ થાય છે. માસિક વેતન ચુકવતા હોવાની હકીકત ખરી નથી. બીજા પક્ષકારને જેટલા દિવસ કામ કરે તેટલા દિવસ માટે નીયત થયેલ લઘુતમ વેતન દર મુજબ વેતન ચુકવવામાં આવતુ હતુ. બીજા પક્ષકારે માત્ર સને.૨૦૧૦–૧૧ ના વર્ષમાં જ ૨૪૦ દિવસ કે તેથી વધુ કામ કરેલ છે તે સિવાય કોઈપણ વર્ષમાં ૨૪૦ દિવસ કે તેથી વધુ દિવસો માટે કયારેય કામ કરેલ નથી. આર્ટીફીશયલ બ્રેક આપવાની હકીકત ખરી નથી. બીજા પક્ષકારે કયારેય તેમને કરેલ કામના પ્રમાણમાં ઓછુ વેતન મળ્યાની લેખિત કે મૌખિક ફરિયાદ કરેલી નથી. બીજા પક્ષકારે કેશબુકમાં દર્શાવ્યા મુજબના દિવસો જેટલુ જ કામ કરેલુ છે અને તે મુજબ તેમને વેતન ચુકવાયેલ છે. પ્રથમ પક્ષકારે કોઈ અનફેર લેબર પ્રેકટીસ કરેલ નથી. બીજા પક્ષકારને કયારેય પ્રથમ પક્ષકારે છુટા કરેલા નથી. બીજા પક્ષકાર તેમની અનુકુળતા મુજબ જાતે જ કામ છોડીને જતા રહેતા હતા અને ફરી પોતાની જરૂરિયાત મુજબ કામ પર આવી જતા હતા જેથી તેઓને નોટીસ કે નોટીસ પગાર તેમજ બેકારી ભથ્થુ ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચે એલ.પી.એ. નં.૪૪૪/૨૦૦૩ (ઈન સ્પે. સી.એ. ***નં.૩૫૮૯/૨૦૦૨)*** માં સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ રમેશ મોપાભાઈ રાઠોડના કેસમાં તા.૦૬/૦૮/૨૦૦૩ ના રોજ આપેલ ચુકાદામાં જયારે છટણી ન હોય અને વ્યકિત જાતે કામ છોડી ચાલી ગયેલા હોય ત્યારે આઈ.ડી. એકટની કલમ ૨૫–એફની કાયદાકીય જોગવાઈના ભંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેથી કલમ–૨૫(જી) તથા ૨૫(એચ)ના ભંગનો પ્રશ્ન રહે નહી તેમ ઠરાવેલુ છે. જેથી આ કેસમાં પણ બીજા પક્ષકારને તેઓએ છુટા કરેલા ન હોઈ, કલમ–૨૫ (એફ)(જી)(એચ.)નું પાલન પ્રથમ પક્ષકારે કરવાનું રહેતુ નથી. નામદાર સુપ્રિમ કોર્ટે એસ.એલ.પી. (સી) નં.૧૩૬૧૯–૨૦/૨૦૧૨ માં તા.૦૯/૦૭/૨૦૧૩ ના રોજ આપેલ ચુકાદા મુજબ માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૧૦/૧૯૮૮ ના લાભો આપવા માટે ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક વનમ–૩૦૨૦૧૩–૨૧૩૮–ડ ૨ તા.૧૫/૦૯/૧૪ થી શરતોને આધીન ઠરાવવામાં આવેલુ હતુ. આ ઠરાવની શરતો મુજબ જે રોજમદારોને લાભ મળવાપાત્ર થતા હતા તેઓને લાભો આપી દેવામાં આવેલા છે. આ ઠરાવ મુજબ તા.૨૯/૧૦/૨૦૧૦ ના રોજ કે તે પછી ઔદ્યોગિક

વિવાદધારાની કલમ–૨૫(બી) ની જોગવાઈ મુજબ પાંચ વર્ષથી વધારે વર્ષમાં દરેક વર્ષમાં ૨૪૦ કે તેથી વધુ દિવસની કામગીરી કરેલ હોઈ તેવા રોજમદારોને આ ઠરાવનો લાભ મળવાપાત્ર થાય છે. આ કેસના બીજા પક્ષકારે એકવર્ષમાં જ ૨૪૦ દિવસ કે તેથી વધુ કામ કરેલુ હોઈ, તેઓને આ ઠરાવનો લાભ આપી શકાય તેમ નથી. બીજા પક્ષકારને છુટા કરેલા ન હોવાથી સીનીયોરીટી લીસ્ટ મુજબ છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. બીજા પક્ષકાર કરતા નોકરીમાં પાછળથી દાખલ થયેલા હોય તેવા કોઈ જુનીયર રોજમદારને નોકરીમાં ચાલુ રાખેલ નથી. બીજા પક્ષકાર હાલમાં સ્વૈચ્છિક રીતે તારીખ.૦૧/૦૩/૨૦૧૬ થી જસદણ નર્સરીમાં પીસ રેટ ઉપર મજુરી કામે આવે છે. તા.૧૫/૦૯/૧૪ ના ઠરાવથી રોજમદારોની ભરતી ઉપર સંપુર્ણ પણે પ્રતિબંધ મુકવામાં આવેલો છે અને નવા રોજમદારોની ભરતી કોઈ અધિકારી કરે તો તે અંગેની જવાબદારી આવા અધિકારીની રહેશે. તેમજ રોજમદારને ચુકવેલ વેતનની વસુલાત આવા અધિકારીના પગારમાંથી કરવામાં આવશે તેમ ઠરાવવામાં આવેલુ છે. નામદાર સુપ્રિમ કોર્ટે મજુર કેસોમાં જજમેન્ટ આપતી વખતે પોતાનો ટ્રેન્ડ બદલી ઘણા કેસોમાં ઠરાવેલુ છે કે દૈનિક રોજમદારને પુનઃસ્થાપિત કરવા ન જોઈએ. બીજા પક્ષકારે તા.૧૫/૦૯/૨૦૧૪ ના ઠરાવનો લાભ પાછલા બારણેથી લેવા માટે અનફેર લેબર પ્રેકટીસનો વિવાદ ઉપસ્થિત કરેલો છે જે રદ કરવો જોઈએ.

**(બી)** પક્ષકારોની રજુઆત ધ્યાને રાખી રેકર્ડ જોતા પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર તેમને ત્યાં કામગીરી કરતા હોવાનું સ્વીકારેલુ છે. પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ બીજા પક્ષકાર તદન હંગામી ધોરણે રોજમદાર તરીકે કામની જરૂરિયાત મુજબ પોતાની રીતે કામે આવતા હતા અને પોતાને અનુકુળ ન હોય ત્યારે કામ પર આવવાનું બંધ કરતા હતા. બીજા પક્ષકારે ૨૦૧૦–૧૧ ના વર્ષ સિવાય કોઈ વર્ષમાં ૨૪૦ દિવસ કામ કરેલ નથી અને જાતે આવતા બંધ થયેલા હોઈ, કાયદાની કલમ–૨૫(એફ)(જી)(એચ)નું પાલન કરવાનું પક્ષકારે રહેતુ નથી. જેથી સૌપ્રથમ બીજા પક્ષકાર જાતે આવતા બંધ થયેલા કે તેઓને પ્રથમ પક્ષકારે કામ પર લેવાનું બંધ કરેલ તે નકકી કરવાનું રહે છે. રેકર્ડ જોતા બીજા પક્ષકારે આંક–૧૬ થી આપેલ જુબાની માં તેઓને તા.૦૨/૧૨/૧૪ ના રોજથી વાંક ગુન્હા વિના પ્રથમ પક્ષકારે છુટા કરી દીધેલ હોવાનું જણાવેલ છે. ઉલટતપાસમાં તેઓને તા.૦૨/૧૨/૨૦૧૪ થી જાતે બંધ થયેલ છે તે વાત ખરી હોવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલો છે. અને ફરીથી પણ તેઓને સામાવાળાએ છુટા કરેલા નથી પણ જાતે કામે આવતા બંધ થયેલા છે તે વાત ખરી હોવાનો ઈન્કાર કરેલ છે. પ્રથમ પક્ષકાર તરફે તપાસવામાં આવેલા આંક–૨૦ ના સાક્ષી સમસીંગભાઈ રતનભાઈ રાઠવા બીજા પક્ષકારની કામગીરીથી જાત માહીતગાર નથી કારણકે તેઓએ તેમના તા.૨૯/૧૨/૨૦૨૧ના સોગંદનામામાં છેલ્લા ત્રણ વર્ષથી પ્રથમ પક્ષકારમાં ફરજ બજાવતા હોવાનું જણાવેલુ છે જેથી સદર સાક્ષી બીજા પક્ષકારને છુટા કરવામાં આવેલા કે બીજા પક્ષકાર જાતે આવતા બંધ થયેલા તે બાબતે કાંઈ કહી શકે નહી. બીજા પક્ષકાર કામ પર હતા તે વખતે ફરજ બજાવનાર કોઈને પ્રથમ પક્ષકારે આ કામે બીજા પક્ષકાર જાતે આવતા બંધ થયેલા તે બાબતે સાક્ષી તરીકે તપાસેલ નથી. જેથી

બીજા પક્ષકારની જુબાની કે તેઓને પ્રથમ પક્ષકારે છુટા કરેલ છે તે નહી માનવા માટે કોઈ કારણ રહેતું નથી. આ સિવાય રેકર્ડ જોઈએ તો બીજા પક્ષકારે તા.૦૨/૧૨/૨૦૧૪ ના રોજ છુટા કર્યાની બાબતે તરત જ બીજા દિવસે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ફરિયાદ કરેલી છે. ફરિયાદના અનુસંધાને કરવામાં આવેલ સમાધાન કાર્યવાહીમાં બીજા પક્ષકારે હાજર રહી તેઓને તા.૦૨/૧૨/૨૦૧૪ થી છુટા કરેલા છે અને નોકરીની જરૂરત હોઈ આ કેસ દાખલ કરેલો છે તેમ જણાવેલુ છે. સંસ્થાને મદદનીશ શ્રમ આયુકતની નોટીસ બજવા છતાં તેઓએ સમાધાન કાર્યવાહીમાં હાજર રહી કોઈ રજુઆત કરેલ નથી. જેથી સદર વિવાદ અત્રેની કોર્ટમાં ન્યાયનિર્ણય માટે મોકલવામાં આવેલો છે. કોર્ટમાં કેસ આવ્યા બાદ બીજા પક્ષકારે તા.૨૦/૦૪/૨૦૧૫ ના રોજ માંગણા નિવેદન રજુ કર્યા પછી પણ સંસ્થાને રજી.એડી થી નોટીસ બજવા છતાં તેઓએ હાજર થઈ તાત્કાલીક કોઈ જવાબ રજુ કરેલ નથી અને બીજા પક્ષકારને કામ પર લેવાની કોઈ તૈયારી દર્શાવેલ નથી. પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ બીજા પક્ષકાર તા.૨૧/૧૨/૧૯૯૪ થી બીજા પક્ષકારને ત્યાં કામ પર આવતા હતા જેથી ૨૦ વર્ષ જેટલી કામગીરી બીજા પક્ષકારની પ્રથમ પક્ષકારને ત્યાં થયેલી હતી. આટલી લાંબી કામગીરી એકાએક છોડી દેવા માટેનું બીજા પક્ષકારને કોઈ વ્યાજબી કારણ હતુ તેવું પ્રથમ પક્ષકાર રેકર્ડ પર લાવેલા નથી. સામાન્ય રીતે જે કામગીરીના કારણે પોતાનું તેમજ પોતાના આશ્રીતોનું ભરણપોષણ થતું હોય તેને કોઈ વ્યકિત એકાએક વ્યાજબી કારણ સિવાય છોડી દે નહી. આ કેસમાં બીજા પક્ષકારને કામગીરી છોડવા માટેનું વ્યાજબી કારણ રેકર્ડ પર આવેલ નથી. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે કામ પરથી બંધ કરેલા ન હોય તો તેઓની પ્રાથમિક પ્રતિક્રિયા બીજા પક્ષકારને કામ પર લઈ લેવાની હોય. આ કામે પ્રથમ પક્ષકારે સમાધાન કાર્યવાહીમાં કે તે પછી બીજા પક્ષકારનું માંગણા નિવેદન માગ્યા બાદ બીજા પક્ષકારને કામ પર અગાઉની જેમ લેવાની કોઈ તૈયારી દર્શાવેલી નથી. પ્રથમ પક્ષકારના લેખિત જવાબમાં જણાવ્યા મુજબ બીજા પક્ષકારને તા.૦૧/૦૩/૨૦૧૬ પીસ રેટ ઉપર પ્રથમ પક્ષકારે કામ પર લીધેલા છે એટલે કે રોજમદાર તરીકે તેમને કામ પર પાછા લીધેલા નથી. જેથી રેકર્ડ જોતા પ્રથમ પક્ષકારનું વર્તન ધ્યાને લેતા પણ બીજા પક્ષકારની રજુઆત કે તેઓને પ્રથમ પક્ષકારે કામ પર થી છુટા કરેલા હતા તે નહી માનવા માટે કારણ રહેતુ નથી. બીજા પક્ષકારને કામ પર ન લેવાનું પ્રથમ પક્ષકારનું પગલુ કાયદાની કલમ–૨(ઓઓ) થી આપેલ છટણીની વ્યાખ્યામાં પડે છે. જેથી મુદા નં.૧ નો જવાબ હકારમાં જયારે મુદા નં. ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

કલમ–૨(ઓઓ) થી આપેલ છટણીની વ્યાખ્યા નીચે મુજબ છે.

**કલમ ૨(ઓઓ) :– <u>છટણીની વ્યાખ્યા</u>**

"છટણી" એટલે શિસ્તના પગલાં તરીકે શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિસ પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી :

**(એ)** કામદારની સ્વેચ્છાપૂર્વકની નિવૃતિ; અથવા

**(બી)** માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃતિ વયે પહોંચતાં કામદારની નિવૃતિ અથવા

**(બીબી)**માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારનો કરાર પૂરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિસ અથવા

**(સી)** માંદગીના કારણે કામદારની નોકરીની સમાપ્તિ;

**(સી)** આ કામે બીજા પક્ષકારની પ્રથમ પક્ષકારે કરેલ છટણી કાયદેસર છે કે કેમ? તે બાબતે રેકર્ડ જોઈએ તો બીજા પક્ષકારે તેઓ ઓકટોબર–૧૯૯૪ થી પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજ બજાવતા હતા અને તેઓએ કોઈપણ વર્ષમાં ૨૪૦ દિવસ કામ કરેલ નહી હોવાની હકીકત ખરી નહી હોવાનું જણાવેલુ છે અને પ્રથમ પક્ષકાર તેમની સળંગ નોકરી ન થાય તેમજ કોઈપણ વર્ષમાં ૨૪૦ દિવસ પુરા ન થાય તે હેતુથી આર્ટીફીશીયલ બ્રેક આપતા હતા અને તેમની પાસેથી કામ લેતા હોવા છતાં અન્ય ખોટા નામો લખી નોંધ કરતા હતા. તેમ જણાવેલ છે. બીજા પક્ષકાર તર્ફે નિ.૧૫/૧ થી રજુ કરવામાં આવેલ આર.એફ.ઓ. જસદણના એ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં થયેલ પીટીશન ના સંદર્ભમાં બીજા પક્ષકારને લગતી માહીતી તૈયાર કરેલ છે તેમાં બીજા પક્ષકારે વર્ષ દરમ્યાન જુદી જુદી પ્રકારની કામગીરી બજાવેલી હોવાનું અને દૈનિક વેતનમાં ૧૬ વર્ષ કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં એક વર્ષ ઉપરાંતની નોકરી કરેલ હતી. તેવું આના આધારે સાબીત થાય છે. પ્રથમ પક્ષકારે સદર ૧૬ વર્ષની નોકરીમાં કયા વર્ષના કયા માસમાં કેટલી કામગીરી બીજા પક્ષકારે કરેલી તેની તારીજ સદર નિ.૧૫/૧ સાથે રજુ કરેલી છે. જેમાં ૨૦૧૦ –૧૧ ના વર્ષમાં ૨૪૭.૫ દિવસની હાજરી દર્શાવવામાં આવેલી છે. જેથી પ્રથમ પક્ષકાર ધ્વારા જ તૈયાર કરવામાં આવેલ પત્રક આધારે બીજા પક્ષકારની ૨૦૧૦–૧૧ ના વર્ષમાં સળંગ નોકરી કાયદાની કલમ–૨૫(બી)(૨)ના અર્થમાં થઈ જતી હોઈ, તેઓને કાયદાની કલમ–૨૫(એફ) મુજબ નોટીસ કે નોટીસ પગાર તેમજ છટણી વળતર ચુકવી આપ્યા સિવાય છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલુ ગેરકાયદેસર છટણી બને છે જેથી મુદા નં.૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

આ સિવાય પણ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં એક વર્ષ ઉપરાંતની કામગીરી કરેલી છે. બીજા પક્ષકારની એક વર્ષમાં ૨૪૦ દિવસથી ઓછા દિવસની હાજરી હોય તો પણ જે દિવસોમાં બીજા પક્ષકારની ગેરહાજરી પ્રથમ પક્ષકારે બતાવેલી છે તે ગેરહાજરી કાયદાની કલમ–૨૫(બી)(૧) માં જણાવેલા બિમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કોઈ કસૂરના લીધે ન હોય એવી તાળાબંધી અથવા કામબંધી સિવાયના કારણોસર હતી તેવો કોઈ પુરાવો પ્રથમ પક્ષકાર તર્ફે રજુ કરવામાં આવેલો નથી. જેથી બીજા પક્ષકારની પ્રથમ પક્ષકારને ત્યાં કાયદાની કલમ–૨૫(બી)(૧)ના અર્થમાં પણ સળંગ નોકરી થઈ જતી હોઈ, કલમ–૨૫(એફ) નું પાલન કર્યા સિવાય છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલું

ગેરકાયદેસર છટણી બને છે. કાયદાની કલમ–૨૫(બી) અને કલમ–૨૫(એફ) નીચે મુજબ છે.

**કલમ–૨૫(બી) :– <u>સળંગ નોકરીની વ્યાખ્યા</u>**

આ પ્રકરણના હેતુઓ માટે,

**(૧)** કોઈ કામદાર, બિમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કોઈ કસૂરના લીધે ન હોય એવી તાળાબંધી અથવા કામબંધીને કારણે ખંડિત થાય એવી નોકરી સહિતની અખંડ નોકરીમાં હોય તો તે એટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય

**(૨)** એક વર્ષ અથવા છ મહિના સુધી ખંડ (૧) ના અર્થમાં સળંગ નોકરીમાં ન હોય, ત્યારે તેવા કામદારે,

**(ક)** જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાંના બાર અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન–

**(૧)** કોઈ ભૂગર્ભમાં કામો રાખેલા કામદારના દાખલામાં, એકસો નેવું દિવસ અને

**(૨)** બીજા કોઈ દાખલામાં, બસો ચાલીસ દિવસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યું હોય તો, એક વર્ષની મુદત સુધી

**(ખ)** જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાનાં છ અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન–

**(૧)** કોઈ ભૂગર્ભ ખાણમાં કામે રાખેલા કામદારના દાખલામાં, પંચાણું દિવસ અને

**(૨)** બીજા કોઈ દાખલામાં, એકસો વીસથી ઓછા નહિ તેટલા દિવસ સુધી, કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યું હોય તો, તે છ મહિનાની મુદત સુધી, સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

**કલમ ૨૫–એફ :– <u>કામદારોની છટણીની પૂર્વશરતો</u>**

કોઈ માલિક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી :

**(એ)** તે કામદારને છટણીનાં કારણો દર્શાવતી એક મહિનાની લેખિત નોટિસ આપવામાં આવી ન હોય અને નોટિસની મુદત પૂરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટિસને બદલે નોટિસની મુદત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી,

પરંતુ,

**(બી)** તે કામદારને છટણી વખતે અખંડ નોકરીની દરેક પૂરા વર્ષ માટે અથવા છ મહિનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી, અને

**(સી)** સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, નિર્દિષ્ટ કરે તેવા સતાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટિસ બજાવવામાં ન આવે ત્યાં સુધી કરી શકાશે નહિ.

(ડી) આ કામે પ્રથમ પક્ષકાર તર્ફે નિ.૧૮/૨ થી વર્ષ–૨૦૧૪ નું સીનીયોરીટી લીસ્ટ રજુ કરવામાં આવેલુ છે જેમાં બીજા પક્ષકાર પછી તારીખ : ૨૮/૧૦/૧૯૯૭ ના રોજ કામ પર જોડાયેલા બે શ્રમયોગીઓ અનુક્ર મે વશરામભાઈ હીરાભાઈ બાવળીયા અને રામુબેન હીરાભાઈ બાવળીયાને પ્રથમ પક્ષકારે કામ પર ચાલુ રાખેલા છે અને તેઓને કાયમી પણ તા.૨૯/૧૦/૨૦૧૦ થી કરેલા છે જેથી પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છુટા કરતા સમયે આઈ.ડી. એકટની કલમ–૨૫(જી) અને ઔદ્યોગિક વિવાદ (ગુજરાત) નિયમો–૧૯૬૬ ના નિયમ–૮૧ નું પાલન કરેલું ન હોઈ, પણ બીજા પક્ષકારને છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર ઠરે છે. જેથી મુદા નં.૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. કાયદાની કલમ–૨૫(જી) અને નિયમ–૮૧ નીચે મુજબ છે.

**કલમ–૨૫(જી)** **<u>છટણી માટેની કાર્યરીતિ</u> :**

કોઈ ઔદ્યોગિક સંસ્થામાં, ભારતનો નાગરિક હોય એવા કોઈ કામદારની છટણી કરવાની હોય અને સદર હુ સંસ્થામાં તે અમુક વર્ગનો કામદાર હોય, ત્યારે માલિક અને કામદાર વચ્ચે આ માટે કોઈ કબૂલાત ન હોય તો સામાન્ય રીતે માલિકે સદરહુ વર્ગમાં છેલ્લે કામે રાખ્યો હોય તે કામદારની છટણી કરવી જોઈશે, સિવાય કે માલિકે કારણોની લેખિત નોંધ કરીને કોઈ બીજા કામદારની છટણી કરી હોય.

**નિયમ–૮૧:–**

81. Maintenance of seniority list of workmen:- The employer shall prepare a list of all workmen in the particular category from which retrenchment is contemplated to be arranged according to the seniority of their service in that category and cause a copy thereof to be pasted on a Notice Board in a conspicuous place in the premises of the industrial establishment at least seven days before the actual date of retrenchmen.

(ઈ) આ કામે બીજા પક્ષકારે આઈ.ડી.એકટની કલમ–૨૫(એચ) નો ભંગ પ્રથમ

પક્ષકારે કરેલ હોવાનું જણાવેલ છે પણ બીજા પક્ષકારે તેમની એફીડેવીટ પરની જુબાનીમાં તેઓને છુટા કર્યા પછી કોને કામ પર લીધેલા છે તેની કોઈ વિગત આપેલી નથી. પ્રથમ પક્ષકારના સાક્ષીને પણ ઉલટમાં આ બાબતે કોઈ પ્રશ્ન પુછેલા નથી અને તેઓને છુટા કર્યા બાદ બીજાને કામ પર લીધેલ હોઈ તે દર્શાવતા કોઈ  લેખિત પુરાવા પણ રજુ કરેલ નથી. જેથી કાયદાની કલમ–૨૫(એચ) નો ભંગ કર્યો હોવાનું બીજા પક્ષકાર પુરવાર કરી શકયા નથી. જેથી મુદા નં.૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**(એફ)** આ કામે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર છટણી કરી છુટા કરેલા હોઈ, બીજા પક્ષકાર નોકરીની મુળ જગ્યાએ મુળ સ્ટેટસ થી પુનઃસ્થાપિત થવા હકકદાર બને છે. બીજા પક્ષકારને તા.૦૧/૦૩/૨૦૧૬ ના રોજ થી નોકરીમાં પરત લેવામાં આવેલા છે પણ તેઓને રોજમદાર તરીકે નહી પણ પીસરેટ ઉપર કામ પર લેવામાં આવેલા છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે કામ ઉપર લીધેલા હોઈ, તેઓને અલગથી પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવાનો રહેતો નથી. છુટા કર્યા તારીખથી પુનઃ કામ પર લીધા તારીખ સુધીના પડેલા દિવસોના પગારની બાબત નકકી કરવાની રહે છે. બીજા પક્ષકારની ઉલટમાં છુટા થયા બાદ બીજે કામ કરી કોઈ આવક મેળવેલ હોય, તે અંગેની કોઈ વિગત રેકર્ડ પર આવેલ નથી. પ્રથમ પક્ષકાર તર્ફે બીજા પક્ષકારે છુટા થયા બાદ અન્ય જગ્યાએ કામગીરી મેળવી આવક મેળવેલ હોઈ તેવા કોઈ પુરાવા રજુ કરેલા નથી. બીજા પક્ષકારે તેમની જુબાનીમાં છુટા થયા ત્યારથી ફરી લીધા ત્યાં સુધી તેઓ સંપુર્ણ બેકાર હતા તેમ જણાવેલું છે. બીજા પક્ષકારે છુટા થયા બાદ બીજે કામ મેળવવાના પ્રયત્ન કર્યા હોય તેવા કોઈ લેખિત પુરાવા રજુ કરેલા નથી. તેને ધ્યાને લેતા અને તેઓ મજુરી કામ કરતા હતા તેને ધ્યાને લેતા બીજા પક્ષકારને તેમના પડેલા દિવસોના પગારની ૨૫% રકમ ચુકવી આપવાનો અને છુટા કર્યા તારીખથી સળંગ નોકરી ગણવાનો પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી ગણાશે.

**(જી)** બીજા પક્ષકાર તર્ફે રજુ થયેલ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૮(૩) એલ.એલ.જે. ૧૦૮૪ ઉપર પ્રસિધ્ધ થયેલ પ્રિન્સીપાલ, એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કુલ અને બીજા વિ. લીલાબેન સોમાભાઈ ગડાસા**ના કેસમાં આપેલ ચુકાદો વંચાણે લેતાં બીજા પક્ષકારની પ્રથમ પક્ષકારને ત્યાં કાયદાની કલમ–૨૫(બી)(૨) ના અર્થમાં સળંગ નોકરી થયેલી હતી. તે બાબતે અને તેમની ગેરકાયદેસર છટણી કરવામાં આવેલી હતી

તે બાબતે બીજા પક્ષકારને મદદરૂપ બને છે.

બીજા પક્ષકાર તર્ફે રજુ થયેલ **નામદાર દિલ્હી હાઈકોર્ટે ૨૦૦૮(૩) એલ.એલ.જે.૧૦૮૫(દિલ્હી)(એન.ઓ.સી.–૫૮) પર પ્રસિધ્ધ થયેલ નામદાર દિલ્હી હાઈકોર્ટએ અશોકકુમાર વિ. એમ.સી.ડી.** ના કેસમાં આપેલ ચુકાદો બીજા પક્ષકારને સળંગ નોકરી કરેલી હોવા છતાં કલમ–૨૫(એફ)નું પાલન કર્યા સિવાય છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર કેલ છે અને સળંગ નોકરી ન થયેલી હોય તો પણ કલમ–૨૫(જી) તથા (એચ) નું પાલન ન કરેલ હોય તો પણ છુટા કરવાનું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરે છે. તેમ નામદાર હાઈકોર્ટે ઠરાવેલુ છે જે બીજા પક્ષકારને મદદરૂપ બને છે.

બીજા પક્ષકાર તર્ફે રજુ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટે નાર સિંઘ પાલ વિ. યુનીયન ઓફ ઈન્ડિયાના કેસમાં આપેલ ચુકાદો જે **૨૦૦૦(૧) એલ.એલ.જે. પાન નં.૧૩૮૮ પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટે નાર સીંઘ પાલ વિ. યુનીયન ઓફ ઈન્ડિયા અને બીજાના કેસમાં આપેલ ચુકાદો** વંચાણે લ ેતા તે કેસમાં બીજા પક્ષકારને તેમની ગેરવર્તણુક બાબતે સીધેસીધા છુટા કરવામાં આવેલ હતા તે કેસના બીજા પક્ષકાર કેઝયુઅલ કર્મચારી હતા અને તેમને દશ વર્ષની નોકરી પુર્ણ કરેલી હતી જેથી તેઓને ટેમ્પરરી સ્ટેટસ મળેલ હોવાથી ઈન્કવાયરી કર્યા સિવાય સીધેસીધા છુટા ગેરવર્તણુક બાબતે કરી શકાય નહી તેમ ઠરાવી નામદાર સુપ્રિમ કોર્ટે અપીલ ગ્રાહય રાખેલી હતી. આ કેસ ગેરવર્તણુક બાબતે છુટા કરવાનો ન હોઈ, બીજા પક્ષકારને આ ચુકાદો મદદરૂપ થતો નથી.

રજુ થયેલ **૨૦૧૦(૨)એલ.એલ.જે. ૩૩૪(એસ.સી)પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટે સ્ટેટ ઓફ યુપી અને બીજાઓ વિ. સરોજકુમાર સિન્હા** ના કેસમાં આપેલો ચુકાદો વંચાણે લેતા તે ચુકાદો પણ ગેરવર્તણુક બાબતે થયેલ દુષિત તપાસના આધારે શ્રમયોગીને છુટા કરવામાં આવેલા હતા જેને રદ કરતો નામદાર હાઈકોર્ટનો હુકમ નામદાર સુપ્રિમ કોર્ટે કાયમ રાખેલો છે. સદર કેસની વિગતો પણ આ કેસની વિગતોથી અલગ હોઈ તે બીજા પક્ષકારને મદદરૂપ થતો નથી.

રજુ થયેલ **૨૦૦૦(૧) એલ.એલ.જે. પાન નં.૯૯૦ પર પ્રસિધ્ધ થયેલ નામદાર અલ્હાબાદ હાઈકોર્ટે સુભાષચંદ્ર શર્મા વિ. મેનેજીંગ ડાયરેકટર અને બીજાના કેસમાં આપેલ ચુકાદો** વંચાણે લેતા તેમાં

શ્રમયોગીને ચાર્જશીટ આપવામાં આવેલ તેને શ્રમયોગીએ નકારેલ, તે પછી ખાતાકીય તપાસ કરવાને બદલે તપાસ અધીકારીશ્રીએ સીધો રીપોર્ટ ચાર્જ પુરવાર થાય છે તેવો  આપેલ.. તે પછી શ્રમયોગીને નોકરીમાંથી ડીસમીસ કરેલ જેને નામદાર હાઈકોર્ટમાં પડકારવામાં આવતા નામદાર હાઈકોર્ટે તપાસ કર્યા વિના સીધેસીધા છુટા કરવાનું પગલું કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું ઠરાવી ડીસમીસલનો હુકમ રદ કરેલો છે. સદર કેસની વિગતો આ કેસની વિગતોથી અલગ હોઈ તે બીજા પક્ષકારને આ કામે મદદરૂપ થતો નથી.

રજુ થયેલ **૨૦૧૦(૩)એલ.એલ.જે.–૧(એસ.સી) પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટે અનુપ શર્મા વિ. એકઝીકયુટીવ એન્જિનીયર/ હેલ્થ ડીવીઝન નં.૧ પાણીપત (હરીયાણા)** ના કેસમાં આપેલ ચુકાદો વંચાણે લેતા કાયદાની કલમ–૨૫(એફ) નો ભંગ કરીને બીજા પક્ષકારને છુટા કરવામાં આવેલા છે. તેવી દલીલના સમર્થનમાં બીજા પક્ષકારને મદદરૂપ થાય છે. તે કેસમાં શ્રમયોગીને નાણાકીય અછતના કારણે છુટા કરવા સરકારશ્રીએ જણાવેલ હતુ તેથી છુટા કરવામાં આવેલા અને શ્રમયોગીએ તેઓને મોકલેલ છટણી વળતર સ્વીકારેલુ નહી. તથા સ્ટેશન છોડીને જતા રહેલા તેવો સંસ્થાનો બચાવ ગ્રાહય રાખવામાં આવેલો નહીં અને કલમ–૨૫(એફ)ની આદેશાત્મક જોગવાઈ મુજબ શ્રમયોગીને છુટા કર્યા તે સમયે જ તેને નોટીસ પગાર તથા છટણી વળતર ચુકવેલું ન હોવાથી છટણી ગેરકાયદેસર ઠરાવવામાં આવેલી હતી અને મજુર અદાલતએ કરેલ હુકમ કાયમ રાખવામાં આવેલો હતો. તે કેસમાં શ્રમયોગીની નોકરી અઢી વર્ષ જેટલી હતી છતાં તેને પુનઃસ્થાપિત કરવા કરેલ હુકમને નામદાર સુપ્રિમ કોર્ટે કાયમ રાખેલો છે જે ચુકાદો બીજા પક્ષકારને આ કામે મદદરૂપ બને છે.

રજુ થયેલ **૨૦૦૯(૧)એલ.એલ.જે.–૬૦૨(એસ.સી) પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટે ડીવીઝનલ મેનેજર, ન્યુ ઈન્ડિયા એસ્યોરન્સ કંપની લી. વિ. એ શંકરલીંગમ** ના કેસમાં આપેલ ચુકાદો તેમજ **નામદાર દિલ્હી હાઈકોર્ટે ૨૦૦૧(૨)એલ.એલ.જે. પાન.૪૫** ઉપર પ્રસિધ્ધ થયેલ **કોલ ઈન્ડિયા લી. વિરૂધ્ધ પી.ઓ.(લેબરકોર્ટ–૩) અને બીજા**ના કેસમાં આપેલ ચુકાદો પણ બીજા પક્ષકારને આઈડી એકટની કલમ–૨૫(એફ) નો ભંગ કરી છુટા કરેલા છે તેવી દલીલના સમર્થનમાં મદદરૂપ બને છે.

રજુ થયેલ **નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૮(૨) એલ.એલ.જે. –૩૯૬ (ગુજ.) પર પ્રસિધ્ધ થયેલ એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ કમીટી વિ. ભંડેરી ધીરૂભાઈ નરશીભાઈ** ના કેસમાં આપેલ ચુકાદો વંચાણે લેતા તે કેસમાં સંસ્થા તર્ફે જવાબના સમર્થનમાં કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ ન હોવાથી બીજા પક્ષકાર શ્રમયોગીએ આપેલ મૌખિક પુરાવો ગ્રાહય રાખી તેની તરફેણમાં કરવામાં આવેલ હુકમ નામદાર હાઈકોર્ટે કાયમ રાખેલો છે અને અપીલ રદ કરેલી છે. જે ચુકાદો પણ કલમ–૨૫(એફ) નો ભંગ પ્રથમ પક્ષકારે કરેલો છે તેવી દલીલના સમર્થનમાં બીજા પક્ષકારને મદદરૂપ બને છે.

**(૧૩)** જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** આથી બીજા પક્ષકારને છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવવામાં આવે છે અને તે રદ કરવામાં આવે છે.

**(૨)** આથી પ્રથમ પક્ષકારને હુકમ કરવામાં આવે છે કે, આ એવોર્ડ પ્રસિધ્ધ થયાના દિન–૩૦ માં આ કામના બીજા પક્ષકાર પારૂબેન રમેશભાઈ મકવાણાને છુટા કર્યા તારીખથી પુનઃ કામ ઉપર લીધા તા.૨૩/૦૬/૨૦૧૫ સુધીના સમયગાળાના પડેલા દિવસોના પગાર અને આનુષાંગિક લાભોની ૨૫% રકમ ચુકવી આપવી તેમજ તેઓની સળંગ નોકરી ગણવી. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે પુનઃ કામ ઉપર લઈ લીધેલા હોવાથી પુનઃસ્થાપન અંગે અલગથી હુકમ કરવામાં આવતો નથી.

**(૩)** આ કામના બીજા પક્ષકારને સદર રેફરન્સના ખર્ચ પેટે રૂા.૫,૦૦૧/– (અંકે રૂપિયા પાંચ હજાર એક પુરા) ચુકવી આપવાનો આથી પ્રથમ પક્ષકારને હુકમ કરવામાં આવે છે.

તારીખઃ ૦૫/૦૮/૨૦૨૩
સ્થળ : રાજકોટ.

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત નં.૩, રાજકોટ.**